# Day to Day Current Affairs

7 April-2015

૧) **7 એપ્રિલ :** વિશ્વ આરોગ્ય દિવસ. વર્ષ 1948ની 7 એપ્રિલે **WHO** ની સ્થાપના થઇ હતી તેથી 1950 થી **WHO** ( વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશન) દ્વારા આજનો દિવસ વિશ્વ આરોગ્ય દિવસ તરીકે ઉજવાય છે.

૨) **ભારતે સમુદ્રમાં સ્વદેશી સ્કોર્પિન સબમરીન ઉતારી :-** ભારત સરકાર દ્વારા પોતાની પહેલી સ્વદેશી સ્કોર્પિન સબમરીન પાણીમાં ઉતરવામાં આવી આ સબમરીનનું દોઢ વર્ષ સુધી પાણીમાં પરીક્ષણ થશે ત્યારબાદ સપ્ટેમ્બર ૨૦૧૬માં તેને નૈકાદળમાં સામેલ કરવામાં આવશે આ પ્રકારની છ સબમરીન બનાવાશે તેને ૨૦૧૮ સુધીમાં તૈયાર કરવામાં આવશે આ સબમરીન ફ્રાંસ સાથે ટેકનિકલ સમજુતી અંતર્ગત બનાવાઇ છે. આ સબમરીનનું નામ આઇએનએસ કાલવારી રાખવામાં આવ્યું છે આ નામની સબમરીન ભારતીય નૌકાદળ પાસે ૧૯૬૭ થી ૧૯૯૬ સુધી હતી અને તે નૌકાદળની પહેલી સબમરીન હતી. આઇએનએસ કાલવારી દારુગોળાની સુરંગ પાથરવી, ગુપ્ત માહિતી મેળવવી, દેખદેખ રાખવી તેમજ ઘણા મીશનને અંજામ આપવાની શકિત ધરાવે છે.

3) **મલ્લી મસ્તાન બાબુ :** પર્વતારોહક. 40 વર્ષિય મસ્તાન બાબુનું પર્વતારોહક દરમિયાન અવસાન. એન્ટાર્ટીકાની સૌથી ઉંચા તથા કપરા પહાડ માઉન્ટ વિન્સેન્ટ મેસિફ પર ચઢનાર તે પ્રથમ ભારતીય હતાં. છેલ્લે તેઓ ચિલી તથા આર્જન્ટિકાના વચ્ચે એક પર્વત પર ફતેહ મેળવવા નિકળ્યા હતાં જ્યાં તેમનું અવસાન થયું હતું.

૪) **રાજીવ શુકલા :** ઇન્ડીયન પ્રીમિયર લીગની ગવર્નીંગ કાઉન્સીલના ચેરમેન પદે રાજીવ શુકલાની નિયુકતિ કરવામાં આવી છે.

www.vivekanandacademy.org